ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડના
નિયમોના નિયમ–૩ હેઠળ આવરી લેવાયેલ
રાહત ક્ષેત્રો વિસ્તૃત કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીનું રાહત ફંડ,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક :સીએમએફ/૩૬૨૦૧૭/નિયમ–૩ સુધારો/ફંડ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૨/૦૮/૨૦૧૭

**સંદર્ભ:**–

૧. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીવાય/૩૬૬૬/૨૦૧૭/૪૯૬૨/સ. તા.૨૦/૦૯/૧૯૬૭.

૨. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએમ એફ/૩૬૭૯/ઓડિટ રૂલ્સ/૧૭/ફંડ,તા.૦૯/૦૧/૧૯૮૪.

૩. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએમ એફ/૩૬૯૧/મુમક નોંધ/૮૬૩/ફંડ,તા.૩૦/૦૧/૧૯૯૧.

૪. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએમ એફ/૩૬૯૯/મુમક/૪૧૦૨/ફંડ,તા.૦૫/૦૧/૨૦૦૦.

–: **ઠરાવ** :–

ગુજરાતના માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી કુદરતી આપત્તિ અંગે જરૂરી સહાય અસરગ્રસ્તોને આપવામાં આવે છે. આ ફંડમાંથી ગુજરાત રાજયમાં તાજેતરમાં બનાસકાંઠા અને પાટણમાં અતિવૃષ્ટિથી થયેલ માલ મિલ્કત અને પશુ–માનવ મૃત્યુથી થયેલ ભારે ખુવારીમાં અસરગ્રસ્તોને તાત્કાલિક મદદરૂપ થઈ શકાય તથા ભવિષ્યમાં પણ આવા કે અન્ય પ્રકારના રાજયની અંદર બનતા અપવાદરૂપ કિસ્સામાં અસરગ્રસ્તોને મદદરૂપ થઈ શકાય તેવા ઉમદા હેતુસર માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિના નાણાંનો ઉપયોગ કરી શકાય તે માટે માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડના નિયમોમાં જરૂરી ફેરફાર કરવાનું સૂચન તા.૦૧/૦૮/૨૦૧૭ના રોજ માન. મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્તોને મદદરૂપ થવાય તે હેતુસર વિસ્તૃત ચર્ચા વિચારણા અર્થે એક મીટીગનું આયોજન થયેલ. તેમાં ગુજરાતના માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડના વહીવટ માટેની સમિતિએ સહાનુભૂતિપૂર્વક ચર્ચા કરી પુખ્ત વિચારણા બાદ ઉર્પયુકત સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી મંજૂર કરેલ અને વખતો વખત સુધારેલ અને બહાર પાડેલ નિયમો પૈકી નિયમ–૩ માં દર્શાવેલ રાહતના ક્ષેત્રોનું વિસ્તૃતીકરણ કરી તે નિયમ–૩ હેઠળ આવરી લેતાં આ **નિયમ –૩**માં ફેરફાર કરીને પ્રાસ્તાવિક નિયમ નીચે મુજબનો રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨ " ગુજરાત રાજયમાં વરસાદની અશંતઃ અથવા સંપૂર્ણ નિષ્ફળતા અને તેને પરિણામે પાકની અંશતઃ અથવા સદંતર નિષ્ફળતાના રૂપમાં થતી અસર તથા માનવસર્જિત આપત્તિઓ જેવી કે, કોમી રમખાણો,મોટા કરૂણ અકસ્માતોના પરિણામે મૃત્યુ પામતાં/ઈજા પામતા વ્યકિતઓ,રાષ્ટ્રીય સંકટ જેવું કે,સરહદે માભોમની રક્ષા કાજે પ્રાણની આહુતિ આપનાર તથા તેમાં ઈજાગ્રસ્ત થતાં જવાનો/અધિકારીઓને સહાય અને/અથવા લોન આપી શકાશે. આ ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે,પૂર,અતિવૃષ્ટિના આગોતરા પ્રતિકાર માટે પૂર નિયંત્રણ પાળાઓ અને તેના જેવા અન્ય પૂર પ્રતિબંધક બાંધકામ,જો નુકસાન થયું હોય તો તાકીદે મરામત કરાવવા/સુધારા કારાવવા/વધારા માટેનો ખર્ચ કરવાનો પણ આ ફંડનો હેતુ રહેશે.આમ છતાં અપવાદરૂપે ફંડનો ઉપયોગ **ગુજરાત રાજયની અંદર તેમજ ગુજરાત રાજયની બહાર પણ** કોઈપણ કુદરતી/માનવસર્જિત આફતોથી અસરગ્રસ્તોને રાહત

પાછળનું પૃષ્ઠ જોવા વિનંતી...